# ગુજરાતી

## એમ.એ. ભાગ ૧ : ગુજરાતી (૧૯૯૬) ની પરીક્ષા માટે

**મુખ્ય અને ગૌણ** ... ૧૦૦ ગુણ

**પ્રશ્નપત્ર ૧ : કૃતિઓનો વિશિષ્ટ અભ્યાસ**

નીચે દર્શાવેલી કૃતિઓનો વિશિષ્ટ અભ્યાસ અભિપ્રેત છે :

૧. પ્રેમ પચીસી' : વિશ્વનાથ જાની
૨. યશવન્ત પંડ્યાના પ્રતિનિધિ એકાંકી' : સં. સતીશ વ્યાસ
૩. ગુજરાતી દલિત વાર્તાઓ' : સં. મોહન પરમાર-હરીશ મંગલમ્.

### કેટલાક સૂચિત સંદર્ભગ્રંથો

૧. મધ્યકાલીન સાહિત્યનો ઇતિહાસ' : રમેશ ત્રિવેદી
૨. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' : સાહિત્ય પરિષદ ભાગ-૧/૨
૩. યશવંત પંડયા સ્નેહી અને સર્જક' : સં. તખ્તસિંહ પરમાર
૪. યશવંત પંડ્યા-અર્ચના અને આલોચના' : ગિરીશ પરમાર
૫. પ્રત્યાયન' : ભી. ન. વણકર.

**મુખ્ય**

**પ્રશ્નપત્ર ૨ : સાહિત્યમીમાંસા** ... ૪૦ ગુણ

૧. સંસ્કૃત સાહિત્યમીમાંસા :
(ક) રસપ્રક્રિયા : ભરતનું રસસૂત્ર, લોલ્લટ, શંકુક, ભટ્ટનાયક અને અભિનવગુપ્તે કરેલી રસસૂત્રની ટીકા અને રસવિષયક વિચારણા, રસપ્રતીતિના વિઘ્નો અને એનું નિરસન.
(ખ) ધ્વનિવિચાર : ધ્વનિવાદ અને આનંદવર્ધન, ધ્વનિસ્વરૂપ, ધ્વનિના પ્રકારો.
(ગ) કુન્તકનો વક્રોક્તિવિચાર, વક્રોક્તિના પ્રકારો, માર્ગો.
(ઘ) જગન્નાથનો રમણીયતા-વિચાર.

૨. પાશ્ચાત્ય સાહિત્યમીમાંસા : ... ૪૦ ગુણ
(ક) એરિસ્ટોટલે આપેલી ટ્રેજડીની વિભાવના, અનુકરણ સિધ્ધાંત, કેથાર્સિસ ટ્રેજડીના ઘટકતત્વો.
(ખ) લોન્જાઈનસના ઉદાતત્તત્વના ખ્યાલનો પરિચય
(ગ) મેથ્યુ આર્નોલ્ડનો કાવ્યવિચાર-કવિતા જીવનની સમીક્ષા, સત્ય અને પ્રગલ્ભ નિષ્ઠા. (High Seriousness)
(ઘ) ટી. એસ. એલિયટનો કાવ્યવિચાર : પરમ્પરા અને વૈયક્તિકતા વિભાવ, વસ્તુલક્ષી સહબંધક, કવિતાના ત્રણ સૂર, કવિતાનું સંગીત.
(ચ) નવ્ય વિવેચન' (ન્યૂ ક્રિટિસિઝમ) : પરિચય.

૩. ગુજરાતી વિવેચનસાહિત્યનો ઇતિહાસ : ... ૨૦ ગુણ
નર્મદ, નવલરામ, રમણભાઈ નીલકંઠ, નરસિંહરાવ, આનંદશંકર ધ્રુવ, બ. ક. ઠાકોર, રા. વિ. પાઠક, ઉમાશંકર જોષી, સુન્દરમ્, સુરેશ જોષી અને સાંપ્રત વિવેચનધારાના વિશિષ્ટ પ્રદાનનો પરિચય.

### સૂચિત પુસ્તકો

૧. કાવ્યવિચાર" : સુરેન્દ્રનાથ દાસગુપ્તા, અનુ. નગીનદાસ પારેખ
2. 'Making Of Literature' : by Scott James
3. 'Critical Approaches to Literature' : by David Diaches
૪. અભિનવગુપ્તનો રસવિચાર અને બીજા લેખો : નગીનદાસ પારેખ
૫. આપણું વિવેચન સાહિત્ય ભાગ-૧ : હીરાબહેન પાઠક
૬. ગુજરાતી વિવેચનનો વિકાસ : જયન્ત કોઠારી.

**પ્રશ્નપત્ર ૩ : સાહિત્યસ્વરૂપનો અભ્યાસ : જીવનચરિત્ર**

**મુદ્દાઓ**

૧. સાહિત્યમાં સ્વરૂપ (ફોર્મ)ની વિભાવના
૨. સાહિત્યસ્વરૂપનાં મુખ્ય લક્ષણો
૩. એનાં વ્યાવર્તક લક્ષણો
૪. સ્વરૂપના ઉદ્‌ભવની પીઠિકા
૫. ગુજરાતીમાં એનો વિકાસ
૬. એની આધુનિક સ્થિતિ

સાહિત્યસ્વરૂપના અભ્યાસક્રમમાં મદદરૂપ થાય તે માટે નીચેનાં પુસ્તકો સૂચવવામાં આવે છે :

૧. નવલરામનું જીવનવૃતાંત' : ગોવર્ધનરામ ત્રિપાઠી
૨. હૃદયમાં પડેલી છબિઓ ભાગ-૧ ઉમાશંકર જોશી
૩. અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' : નારાયણ દેસાઈ
૪. આવારા મસીહા' : વિષ્ણુ પ્રભાકર.

**કેટલાક મહત્ત્વના સંદર્ભગ્રંથો**

૧. જીવન ચરિત' : ડૉ. ઉપેન્દ્ર ભટ્ટ
૨. જીવન કથા' : મણિલાલ પટેલ
૩. આસ્પેક્ટસ ઑફ બાયોગ્રાફી' : આન્દ્રે મોર્વો.

**વૈકલ્પિક પ્રશ્નપત્ર ૩ : સાહિત્ય અને તત્વજ્ઞાન** (Literature and Philosophy)

**મુદ્દા :**

૧. સાહિત્ય કલા અને તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ.
૨. કલામીમાંસા (Poetics) અને તત્ત્વજ્ઞાન (Philosophy)ની પરંપરાઓ.
૩. સત્ય, વાસ્તવિકતા અને સૌંદર્યનો કલા સાથેનો સંબંધ.
૪. ભારતીય તત્ત્વજ્ઞાન : વેદો, ઉપનિષદો, બ્રાહ્મણગ્રંથો, ષડ્‌દર્શનો આદિનો પરિચય.
૫. પશ્ચિમનું તત્ત્વજ્ઞાન : કાન્ટ, શોપનહાવર, નિત્શે, હાઈડેગર, હુસેર્લ, કિર્કેગાર્ડ, સાર્ત્રઆદિનો પરિચય
૬. ભારતીય કાવ્યમીમાંસા અને પશ્ચિમની કાવ્યમીમાંસાં
૭. ફિનોમિનોલોજી (પ્રતિભાસ વિજ્ઞાન) અને અસ્તિત્વવાદ.
૮. સાહિત્યસર્જન અને અન્ય વૈચારિક વલણો : આદિમતાવાદ, વાસ્તવવાદ, પ્રકૃતિવાદ, પરાવાસ્તવવાદ, સાહિત્યમાં શૂન્ય અને અસંબંધ (એબ્સર્ડ)ની વિભાવના.

## એમ.એ. ભાગ ૧ (ફક્ત એન્ટાયર)ના વિદ્યાર્થીઓ માટે

**પ્રશ્નપત્ર ૪ : આધુનિક ગુજરાતી સાહિત્ય** (Modern Gujarati Literature)

(અ) સૈદ્ધાંતિક :

૧. આધુનિકતાની વિભાવના
૨. ભારતીય સાહિત્યમાં આધુનિકતાનો પ્રભાવ
૩. ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાનો પ્રવાહ
૪. આધુનિકતાવાદ

(બ) નીચેનામાંથી કોઈ એક સાહિત્યસ્વરૂપ :

૧. નવલકથા ૨. કવિતા ૩. ટૂંકીવાર્તા ૪. નાટક-એકાંકી

કવિતાના સ્વરૂપનો અભ્યાસ સૂચિત કાવ્યસંગ્રહો

૧. અંગત' : રાવજી પટેલ
૨. હસ્તપ્રત' : મનોજ ખંડેરિયા
૩. ઓડેનનાં કાવ્યો' : અનુ. નિરંજન ભગત.

## કેટલાક મહત્ત્વના સંદર્ભગ્રંથો


૧. સાહિત્યમાં આધુનિકતા : સુમન શાહ

૨. આધુનિકતા અને ગુજરાતી કવિતા : ભોળાભાઈ પટેલ